## મે. સુરતના એડી.જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ  સાહેબશ્રીની કોર્ટમાં

**ગુનોઃ –        ઇ.પી.કો. કલમ ૨૮૩ મુજબ**

**// ચુકાદો  //**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવ સ્થળે અને સમયે પોતાનું વાહન જાહેર રોડ પર,જાહેર સ્થળે, ટ્રાફીકને અડચણ થાય તથા રાહદારીને અડચણ થાય તે રીતે ભય જનક સ્થિતીમાં મુકી રાખી તેમજ કોઇ મોટો અકસ્માત થાય તે રીતે પાર્ક કરી, આરોપીએ ઇ.પી.કો. ની કલમ – ૨૮૩ મુજબનો ગુનો કરેલ છે.
2. આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી. ત્યાર બાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા, આરોપીની પ્લી લઇ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ કરેલી કબુલાત એ કોઇના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહી માનવા માટે અત્રેની કોર્ટને કોઇ કારણ જણાતું નથી. જેથી આરોપીની કબુલાત પુરસીસ ગ્રાહ્ય રાળવામાં આવે છે.
3. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે તેમ જણાવી ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

1. આ કામના આરોપી ને ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૫૨ હેઠળ ઇ.પી.કો. ની કલમ – ૨૮૩ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી ને રૂ૦ ૨૦૦/– (અંકે રૂપીયા બસો પુરા)નો દંડ, જો દંડ ના ભરે તો દિન – ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
2. મુદ્દામાલનો નીયમ મુજબ ખરાઇ કરી નીકાલ કરવો.

હુકમ આજ રોજ  ૧૩–૦૭–૨૦૧૯ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**સુરત.**

**(હર્ષદભાઇ શનાભાઇ ચાવડા)**
**૧૨મા (એડ–હોક) એડી. જ્યુડીશીયલ**
**મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ, સુરત**
**યુનીક આઇ.ડી.કોડ નં. જીજે૦૧૫૩૪**